For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પિતાને છોડાવવા પડેલા પુત્રને ચાકુના ઘા માર્યા

# કિશનવાડીમાં ધંધાના રૂપિયાની લેતી-દેતીમાં યુવાનની હત્યા

**રાજસ્થાનથી** માતા-પિતાને મળવા આવેલા ધોરણ-૧૧ના વિદ્યાર્થીનું કરુણ મોત, અન્ય યુવક પણ ઈજાગ્રસ્ત

**દસથી** વધુ શખ્સો દ્વારા હુમલા કરાયો હોવાનો પરિવારનો આક્ષેપ, પોલીસ દ્વારા સાત જેટલા આરોપીઓને ઝડપી પડાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરાના કિશનવાડી વિસ્તારમાં ધંધાના રૂપિયાની લેવડદેવડનો વિવાદ એક પરિવાર માટે જીવલેણ સાબિત થયો હતો. પિતા પર થઈ રહેલા ચાકૂના હુમલામાં બચાવવા માટે વચ્ચે પડેલા 17 વર્ષીય પુત્રને હુમલાખોરોએ નિશાન બનાવી નિર્દયતાથી ચાકૂના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો હતું. રાજસ્થાનથી થોડા દિવસ પહેલાં માતા-પિતાને મળવા આવેલા કિશોરના મોતથી પરિવારમા શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે હુમલાખોર આરોપીઓ પૈકી સાત જેટલા આરોપીઓને ઝડપી પાડ્યા છે જ્યારે અન્ય નહીં પકડાતા વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસ અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ રાજસ્થાનમાં દાદા-દાદી સાથે રહી ધોરણ-11માં અભ્યાસ કરતો 17 વર્ષીય સુમિત વણઝારા થોડા દિવસ પહેલાં માતા-પિતાને મળવા વડોદરા આવ્યો હતો. દરમિયાન કિશનવાડી વિસ્તારમાં તેના પિતા વિક્રમ વણઝારાનો ભંગારના ધંધા અને રૂપિયાની લેવડદેવડના મુદ્દે કેટલાક શખ્સો સાથે વિવાદ થયો હતો. બોલાચાલી ઉગ્ર બનતા હુમલાખોરોએ વિક્રમ વણઝારા પર ચાકૂ વડે હુમલો કર્યો હતો.

પિતા પર જીવલેણ હુમલો થતાં સુમિત તેમને બચાવવા વચ્ચે પડ્યો હતો. જોકે હુમલાખોરોએ કિશોરને પણ છોડ્યો નહીં અને તેના પર ચાકૂના ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા સુમિતને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે હુમલામાં દસથી વધુ શખ્સો સામેલ હતા. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. બીજી તરફ, સયાજી હોસ્પિટલ ખાતે પરિવારજનોના આક્રંદથી કરુણ દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાને પગલે કિશનવાડી વિસ્તાર અને સયાજી હોસ્પિટલ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જ્યારે પોલીસ આરોપીઓ પૈકી સાત થી આઠ આરોપીઓને ઝડપી પાડયા છે જ્યારે અન્ય નહીં પકડાતા વોન્ટેડ જાહેર કર્યા છે.

### શરૂઆતમાં પરિવારજનોનો મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર, પોલીસની સમજાવટ મામલો થાળે પડ્યો

કિશનવાડીમાં થયેલી હત્યાની ઘટનાને પગલે પરિવારજનોએ આરોપીઓની તાત્કાલિક ધરપકડની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. આ નિર્ણયને કારણે હોસ્પિટલ તેમજ કિશનવાડી વિસ્તારમાં ભારે તણાવનો માહોલ સર્જાયો હતો. મોટી સંખ્યામાં સ્વજનો અને સ્થાનિક લોકો એકત્ર થતાં પોલીસનો કાફલો તૈનાત કરાયો હતો. પોલીસ અધિકારીઓએ પરિવારજનો સાથે ચર્ચા કરી આરોપીઓને ઝડપથી પકડવાની ખાતરી આપી હતી. સ્થિતિ વધુ બગડે નહીં તે માટે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. પોલીસની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

### ટેમ્પો પકડાવતા મેં હુમલાખોરોને રૂપિયા ચૂકવી દીધા હતા

મૃતક યુવક ના પિતા વિક્રમ બંજારાએ જણાવ્યું હતું કે અમારો ભંગારનો ધંધો છે જેને લઇને કેટલાક શખ્સો અને અમારી વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે દરમિયાન સામેવાળા પક્ષે મારો ટેમ્પો પકડાવ્યો હતો, જેના રૂપિયા 1.80 લાખ પણ તેમને મે આપી દીધા હતા. આ અદાવતે ઝઘડો કરવામાં આવ્યો હતો જેમાં શરૂઆતમાં મને નિશાન બનાવ્યો હતો દરમિયાન મને છોડાવવા પડેલા મારા પુત્ર ઉપર ચાકુથી હુમલો કરતા તેનું મોત નીપજ્યું હતું.

### આરોપીઓના નામ સરનામા

**ધર્મેશ ઉર્ફે ધમો રણછોડભાઈ વણઝારા**
રહે- જે.પી.નગર પાણીની ટાંકી પાસે, વડોદરા શહેર

**અજય વણઝારા**
રહે- પીળા વુડાના મકાનમાં વડોદરા શહેર

**મેઘરાજભાઈ ઉર્ફે રમેશભાઈ વણઝારા**
રહે-લક્ષ્મીનગર મુખીનગર વડોદરા શહેર

**વિક્રમ મેઘરાજભાઈ વણઝારા**
રહે-લક્ષ્મીનગર મુખીનગર વડોદરા શહેર

**વિષ્ણુ મેઘરાજભાઈ વણઝારા**
રહે-લક્ષ્મીનગર મુખીનગર વડોદરા શહેર

**કાળુ ઉર્ફે વિજેશ મેઘરાજભાઈ વણઝારા**
રહે-લક્ષ્મીનગર મુખીનગર વડોદરા શહેર

**વિનોદ રાયસીંગ વણઝારા**
રહે- જે.પી.નગર પાણીની ટાંકી પાસે, વડોદરા શહેર

**પંકજભાઈ નરસિંહભાઈ વણઝારા**
રહે- આશ્રય વાટીકા હનુમાનપુરા ગામ, બાકરો વડોદરા

**જયેશ નારણભાઈ વણઝારા**
રહે- લક્ષ્મીનગર, મુખીનગર, વડોદરા શહેર

## આજે વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

હવામાન વિભાગના અહેવાલ મુજબ વડોદરામાં આગામી એક સપ્તાહ સુધી વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે હળવા વરસાદની શક્યતા છે. હાલ શહેર માટે કોઈ ખાસ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન 35 ડિગ્રી અને લઘુત્તમ 28 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે વરસાદ નોંધાયો નહોતો. સવારે ભેજનું પ્રમાણ 74 ટકા અને સાંજે 62 ટકા રહ્યું હતું.

17 જુલાઈ સુધી મહત્તમ તાપમાન 33થી 34 ડિગ્રી અને ત્યારબાદ 20 જુલાઈ સુધી 31થી 32 ડિગ્રી રહેવાની શક્યતા છે. રથયાત્રાના દિવસે પણ છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ 22 જુલાઈથી રાજ્યમાં ચોમાસું વધુ સક્રિય બનશે અને 30 જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત ઉપરાંત મધ્ય ગુજરાત, વડોદરા અને આસપાસના વિસ્તારોમાં સારા વરસાદની સંભાવના છે.

### મ.સ.યુનિ.માં લાફાથી શરૂ થયેલો વિવાદ પથ્થરમારા સુધી પહોંચ્યો

# સાયન્સ ફેકલ્ટીમાં NSUI અને ABVPના કાર્યકરો વચ્ચે છૂટાહાથની મારામારી

**૨ વિદ્યાર્થીઓને** ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ



(પ્રતિનિધિ) વડોદરા,તા.14

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ફરી એકવાર મારામારી અને વિદ્યાર્થી સંગઠનો વચ્ચેના ઘર્ષણને કારણે વિવાદમાં આવી છે. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં એનએસયુઆઈ અને એબીવીપીના કાર્યકરો સામસામે આવી જતાં ભારે હોબાળો મચી ગયો હતો.

એમએસયુની સાયન્સ ફેકલ્ટી કેમ્પસમાં કોઈ વાતને લઈને એનએસયુઆઈ અને એબીવીપીના વિદ્યાર્થીઓ વચ્ચે તકરાર થઈ હતી. આ તકરાર એટલી વધી ગઈ કે વાત મારામારી સુધી પહોંચી હતી. આ દરમિયાન એક પક્ષના કાર્યકરે સામેના પક્ષના એબીવીપીના કાર્યકરને લાફો મારતા મામલો બિચક્યો હતો. ઘટના સ્થળે વિદ્યાર્થી નેતાઓની ગુંડાગર્દી પણ જોવા મળી હતી. બંને જૂથો વચ્ચે થયેલી મારામારીમાં વાત માત્ર લાફા કે ઝપાઝપી સુધી સીમિત ન રહેતા પથ્થરમારા સુધી પહોંચી હતી. આ હિંસક અથડામણમાં બે વિદ્યાર્થીઓને ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ કેમ્પસમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મારામારી બાદ એનએસયુઆઈના કાર્યકરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા, જ્યારે એબીવીપીના વિદ્યાર્થીઓએ એકત્ર થઈને સમગ્ર ઘટના અંગે સાયન્સ ફેકલ્ટીના ડીનને લેખિતમાં રજૂઆત કરી હતી. યુનિવર્સિટી કેમ્પસમાં અવારનવાર બનતી આવી હિંસક ઘટનાઓ સામે હવે સવાલ ઉઠી રહ્યો છે કે કેમ્પસમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓની સુરક્ષાનું શું? વિદ્યાર્થી નેતાઓની આ પ્રકારની ગુંડાગર્દીને કારણે શૈક્ષણિક વાતાવરણ ડહોળાઈ રહ્યું છે, જેને લઈને કડક કાર્યવાહીની માંગ ઉઠી છે. જોકે, એબીવીપીના અધ્યક્ષ સહિતના વિદ્યાર્થીઓએ અન્ય વિદ્યાર્થીઓ પર તૂટી પડી બરાબરા ધીબેડ્યો હતો.

### સ્ક્રુટિની દરમિયાન ટેકનિકલ ખામીઓ અને જરૂરી દસ્તાવેજોના અભાવે ઉમેદવારીપત્રો નામંજૂર

# માંજલપુર પેટાચૂંટણીમાં પાંચ ઉમેદવારોના ફોર્મ રદ, હવે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર

**ડમી** અને અપક્ષ ઉમેદવારો ચૂંટણી રેસમાંથી બહાર થતાં દ્વિપક્ષીય મુકાબલો નિશ્ચિત, પ્રચારમાં આવશે વધુ તેજી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

વડોદરાની હાઈપ્રોફાઈલ ગણાતી માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ઉમેદવારીપત્રોની ચકાસણી દરમિયાન પાંચ ઉમેદવારોના ફોર્મ રદ થતાં હવે ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર નિશ્ચિત બની છે. ચૂંટણી અધિકારી દ્વારા હાથ ધરાયેલી સ્ક્રુટિની પ્રક્રિયામાં ડમી અને અપક્ષ ઉમેદવારોના ફોર્મ નિયમ મુજબ માન્ય ન રહેતા તેમને ચૂંટણી રેસમાંથી બહાર કરવામાં આવ્યા છે.

માંજલપુર પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસ સુધી કુલ સાત ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જોકે, સોમવારે યોજાયેલી ચકાસણી દરમિયાન ટેકનિકલ ખામીઓ, જરૂરી દસ્તાવેજોની અપૂર્ણતા અને ચૂંટણી નિયમોના પાલનમાં થયેલી ક્ષતિઓને કારણે પાંચ ઉમેદવારીપત્રો રદ કરવામાં આવ્યા હતા. આ નિર્ણય બાદ સ્થાનિક રાજકીય માહોલ વધુ ગરમાયો છે.

ચૂંટણી તંત્રના સૂત્રોના જણાવ્યા મુજબ બે ડમી ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં પોતાના પક્ષના સત્તાવાર મેન્ડેટ રજૂ કર્યા નહોતા. ઉપરાંત અમદાવાદના રાજરાજેશ્વર રત્નસાગર દિનેશ વ્યાસ તેમજ અપક્ષ ઉમેદવાર રાઠોડ પરેશે ચૂંટણી અધિકારી દ્વારા માંગવામાં આવેલા જરૂરી દસ્તાવેજો અને પૂર્તતા સમયસર રજૂ ન કરતાં તેમના ફોર્મ પણ નામંજૂર કરવામાં આવ્યા હતા.



માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી પૂર્વે ચૂંટણી પંચના નિરીક્ષક મોહિત બુંદાસે વિવિધ મતદાન મથકોની મુલાકાત લઈ સુવિધાઓ, ચૂંટણી તૈયારીઓ અને અધિકારીઓ સાથે સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું.

પાંચ ઉમેદવારોના ફોર્મ રદ થતાં હવે ચૂંટણી મેદાનમાં માત્ર ભાજપ અને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારો જ બાકી રહ્યા છે. પરિણામે ત્રિપાંખીયા કે બહુકોણીય જંગની શક્યતા ટળી છે અને સીધો રાજકીય મુકાબલો સર્જાયો છે. બદલાયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને બંને પક્ષોએ પ્રચાર અભિયાન વધુ આક્રમક બનાવવાની તૈયારીઓ શરૂ કરી છે. હવે ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચૂંટણીપ્રચાર વધુ વેગ પકડે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા છે.

### બપોરે ૨:૩૦ વાગે રેલવે સ્ટેશનથી પ્રારંભ કરાશે

# કાલે ભગવાન જગન્નાથજીની ૪૫મી રથયાત્રા નીકળશે : ૪૫ ટન શીરાનો મહાપ્રસાદ વહેંચાશે

**મેયર** ગીતાબેન પાછિંદ વિધિ કરશે, ૮ વાગ્યે બરોડા હાઈસ્કૂલ પાસે પૂર્ણાહુતિ

**રોપા** અને આધ્યાત્મિક ગ્રંથોનું પણ વિતરણ થશે



(પ્રતિનિધિ) વડોદરા, તા. 14

આષાઢ સુદ બીજના પાવન અવસરે ગુરુવાર, 16 જુલાઈએ ઈસ્કોન મંદિર વડોદરા દ્વારા શહેરની 45મી ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પરંપરા મુજબ વડોદરાના પ્રથમ નાગરિક મેયર ગીતાબેન મકવાણા અન્ય મહાનુભાવો સાથે રથયાત્રા પ્રારંભ પહેલાં પાછિંદ વિધિ સંપન્ન કરશે. રથયાત્રા દરમિયાન રથની પાછળ શુદ્ધ દેશી ઘીમાં તૈયાર કરાયેલા 45 ટન શીરાના મહાપ્રસાદનું હજારો ભાવિકોમાં વિતરણ કરવામાં આવશે.

ઈસ્કોનના સ્થાપકાચાર્ય શ્રીલ પ્રભુપાદે વિશ્વભરમાં રથયાત્રાની પરંપરાને વૈશ્વિક આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહોત્સવનું સ્વરૂપ આપ્યું છે. આજે દર વર્ષે વિશ્વના વિવિધ શહેરોમાં ઈસ્કોન દ્વારા એક હજારથી વધુ રથયાત્રાઓ યોજાય છે. વડોદરાની રથયાત્રા પણ શહેરના સૌથી મોટા ધાર્મિક ઉત્સવોમાં સ્થાન ધરાવે છે.

ઈસ્કોનના ઉપપ્રમુખ નિત્યાનંદ રામદાસ સ્વામીએ જણાવ્યું હતું કે રથયાત્રા બપોરે 2:30 વાગ્યે વડોદરા રેલવે સ્ટેશનથી પ્રસ્થાન કરશે અને સયાજીબાગ, કાલાઘોડા, કોઠી, રાવપુરા, જ્યુબિલી બાગ, સુરસાગર, દાંડિયા બજાર, ખંડેરાવ માર્કેટ, મદનઝાંપા રોડ અને કેવડાબાગ સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ સાંજે પોલો ગ્રાઉન્ડ સામે બરોડા હાઈસ્કૂલ પાસે પૂર્ણ થશે.

રથયાત્રા દરમિયાન છોડના રોપાઓનું વિતરણ તેમજ શ્રીલ પ્રભુપાદના ગ્રંથોનું વિતરણ કરવામાં આવશે. દેશભરના હજારો શ્રદ્ધાળુઓ આ મહોત્સવમાં જોડાશે. સાંજે 5:30થી રાત્રે 9 વાગ્યા સુધી ઈસ્કોન મંદિરે તમામ ભાવિકો માટે ભંડારા મહાપ્રસાદની પણ વિશેષ વ્યવસ્થા રાખવામાં આવી છે.

# રણોલીના યુવકનું GSFC બ્રિજ પરથી પડી જતાં શંકાસ્પદ મોત

**‘અકસ્માત** નહીં, આ લૂંટ કરી હત્યા કરવામાં આવી છે’, ગળામાંથી દાગીના ગાયબ થતાં પરિવારના ચોંકાવનારા આક્ષેપ

**૧૦૮ કર્મચારીએ** એક્ટિવાની ચાવી અને ફોન સોંપ્યો, પણ મૃતકના સોનાના દાગીના ક્યાં ગયા?

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૪

રણોલી ગામના પારુલ ફળિયામાં રહેતા ભરતભાઈ લક્ષ્મણભાઈ માળીનું જીએસએફસી બ્રિજ પરથી નીચે પટકાતા મોત નિપજ્યું છે. જોકે, પરિવારજનોએ આ ઘટનાને અકસ્માત માનવાનો ઈનકાર કરીને લૂંટ બાદ હત્યા કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

માહિતી મુજબ, ભરતભાઈ ગતરોજ પોતાની બહેનને નવાપુરા મુકવા ગયા હતા. પરત ફરતી વખતે રાત્રે આશરે 11 વાગ્યે પરિવારને તેમના અકસ્માતની જાણ થતાં તેઓ છાણીની શ્રીજી હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં 108 એમ્બ્યુલન્સના કર્મચારીએ તેમનો મોબાઈલ અને એક્ટિવાની ચાવી પરિવારને સોંપી હતી તેમજ રણોલી-દુમાડ રોડ પર બ્રિજ પરથી નીચે પડ્યાની માહિતી આપી હતી.

પરંતુ હોસ્પિટલમાં મૃતદેહ જોતા પરિવારને સમગ્ર ઘટના શંકાસ્પદ લાગી હતી. પરિવારનો આક્ષેપ છે કે ભરતભાઈએ પહેરેલી સોનાની ચેન, લકી અને વીંટી ગાયબ હતી. તેમના મતે, રસ્તામાં લૂંટફાટ કર્યા બાદ ભરતભાઈની હત્યા કરીને બનાવને અકસ્માતનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પરિવારની રજૂઆતના આધારે છાણી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. હવે આ બનાવ અકસ્માત છે કે લૂંટના ઈરાદે કરાયેલી હત્યા, તેનો ખુલાસો પોલીસ તપાસ બાદ જ થશે.

### માતાની સારવાર દરમિયાન હોસ્પિટલ બહાર થયેલી ઓળખાણ ખેડૂતને ભારે પડી

# રાજાશાહી સમયના સસ્તા સોનાની લાલચે ખેડૂત સાથે રૂ.૭ લાખની ઠગાઈ

**જમીન** ગીરવે મૂકી અને સગા સંબંધીઓ પાસેથી ઉછીના નાણાં ભેગા કરીને ખેડૂતે રૂપિયા ચૂકવ્યા

(પ્રતિનિધિ) કરજણ તા 14

છોટાઉદેપુર જિલ્લાના ખોડવાણિયા ગામના એક ખેડૂતને રાજા-મહારાજાના સમયનું કિંમતી સોનું સસ્તા ભાવે આપવાની લાલચ આપીને રૂ.7 લાખની છેતરપિંડી કરવામાં આવી છે. ઠગ ટોળકીએ પહેલાં અસલી સોનાનો મણકો બતાવી વિશ્વાસ જીત્યો અને બાદમાં નકલી દાગીનાની થેલી આપીને રોકડ રકમ લઈને ફરાર થઈ ગઈ હતી. સમગ્ર મામલે કરજણ પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, ખોડવાણિયા ગામના ખેડૂત ઈશ્વરભાઈ ગોવિંદભાઈ રાઠવાની માતા વાઘોડિયાની ધીરજ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી તેઓ વારંવાર હોસ્પિટલ જતા હતા. ત્યાં કેટલાક અજાણ્યા શખ્સો સાથે ઓળખાણ થતાં તેમણે પોતાની પાસે રાજાશાહી સમયનું કિંમતી સોનું હોવાનું કહી સસ્તા ભાવે વેચવાની ઓફર કરી હતી.

ચાર દીકરીઓના લગ્નની ચિંતામાં રહેલા ખેડૂત આ લાલચમાં આવી ગયા હતા. આરોપીઓએ 250 ગ્રામથી લઈને એક કિલો સુધીનું સોનું આપવાની વાત કરી હતી. અંતે રૂ.7 લાખમાં સોદો નક્કી થતાં ખેડૂતે પોતાની જમીન ગીરવે મૂકી રૂ.5 લાખ મેળવ્યા અને સગા-સંબંધીઓ પાસેથી રૂ.2 લાખ ઉછીના લઈને રકમ ભેગી કરી હતી.

ઠગ ટોળકીએ ડભોઈ-શિનોર ચોકડી પાસે સોનાના બે હાર બતાવી તેમાંથી એક મણકો તોડીને સોની પાસે ચકાસણી કરાવી હતી. મણકો અસલી હોવાનું સામે આવતાં ખેડૂતને વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ કરજણ બ્રિજ નીચે રોકડ રકમ લઈને બોલાવી કેમેરાનું બહાનું બનાવી રૂ.7 લાખ લઈ નકલી દાગીનાની થેલી આપી ફરાર થઈ ગયા હતા.

ઘરે પહોંચ્યા બાદ સોની પાસે તપાસ કરાવતા તમામ દાગીના નકલી હોવાનું બહાર આવ્યું હતું. **છેતરપિંડીનો ભોગ બન્યાની જાણ થતાં ખેડૂત અને તેમના પરિવારજનો ભારે આઘાતમાં સરી પડ્યા હતા.** કરજણ પોલીસે દાદાભાઈ ઉર્ફે રામભાઈ ગંગારામ હિમરવાડી, વિજયભાઈ ભગવાનભાઈ બારોટ, મીરાબેન રાઠોડ સહિત અન્ય બે અજાણ્યા શખ્સો સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ૯ વર્ષથી ઘરનું ઘર ન મળતા વડોદરા કોર્પોરેશન કચેરી ગજવી

# સહકારનગરના વિસ્થાપિતોનો કોર્પોરેશનમાં રોષ, ૨૪ મહિનાનું ભાડું ચૂકવી કાયમી આવાસ આપવાની માંગ

**2017માં** વસાહત તોડાયા બાદ 1,428 પરિવારો હજુ પણ ઘરવિહોણા; માંગ નહીં સંતોષાય તો આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2017માં તાંદળજા વિસ્તારની બેસિસ સ્કૂલ સામે આવેલી સહકારનગર વસાહત દૂર કરવામાં આવતા અંદાજે 1,428 પરિવારો વિસ્થાપિત બન્યા હતા. નવ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં આ પરિવારોને હજુ સુધી કાયમી આવાસ મળ્યો નથી. આથી વિસ્થાપિતોએ ફરી એકવાર મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસિંગ વિભાગમાં રજૂઆત કરી તાત્કાલિક ન્યાયની માંગ કરી છે.

રહીશોના જણાવ્યા મુજબ, વસાહત દૂર કરતી વખતે નવા મકાન ન મળે ત્યાં સુધી દર મહિને રૂ.2,000 ભાડા સહાય આપવાનું વચન આપવામાં આવ્યું હતું. પરંતુ ભાડાની રકમ નિયમિત ચૂકવવામાં આવતી નથી. વિસ્થાપિતોનો આક્ષેપ છે કે છેલ્લા 24 મહિનાનું ભાડું હજુ બાકી છે, જેના કારણે અનેક પરિવારો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે અને ભાડાના મકાનોમાં દયનીય સ્થિતિમાં જીવન જીવવા મજબૂર બન્યા છે.

કોર્પોરેશન કચેરીએ પહોંચેલા મોટી સંખ્યામાં વિસ્થાપિતોએ જણાવ્યું હતું કે, કાયમી આવાસની યોજના હજુ સુધી કાગળો પૂરતી જ સીમિત રહી છે. તેમણે આવાસ નિર્માણની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તેમજ બાકી રહેલી ભાડા સહાય તાત્કાલિક ચૂકવવાની માંગ કરી છે. વિસ્થાપિતોએ ચેતવણી આપી છે કે જો તેમની માંગણીઓનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો તેઓ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવવા મજબૂર બનશે.

# પરિણીતાની ચાકુના ઘા ઝીંકી હત્યા કરનાર આરોપીને આજીવન કેદ

**સંબંધ** તૂટતા પ્રેમિકાએ દગો કર્યો હોવાની શંકાએ પૂર્વ પ્રેમીએ હત્યાનો પ્લાન ઘડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરના ન્યૂ સમા રોડ વિસ્તારમાં પ્રેમ સંબંધમાં દગો મળ્યાના વહેમમાં મહિલાની ચાકુના અસંખ્ય ઘા ઝીંકી હત્યા કરનાર આરોપી સોમનાથ કૈલાસ પાટીલને વડોદરાની કોર્ટે આજીવન સખત કેદની સજા ફટકારી છે. ઉપરાંત આરોપીને રૂ.5 હજારનો દંડ ભરવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

કોર્ટમાં રજૂ થયેલા કેસ મુજબ મૃતક દીપાબેન દરજી સાથે આરોપીનો અગાઉ પ્રેમ સંબંધ હતો. જોકે દીપાબેન આ સંબંધનો અંત લાવવા ઈચ્છતા હોવાથી તેમણે આરોપી સાથેનો સંપર્ક સંપૂર્ણપણે બંધ કરી દીધો હતો. આરોપીને વહેમ હતો કે દીપાબેન અન્ય યુવક સાથે પ્રેમ સંબંધમાં છે અને તેણે પોતાને દગો આપ્યો છે. આ વહેમના કારણે આરોપીએ પૂર્વયોજિત રીતે હત્યાનું કાવતરું ઘડ્યું હતું. તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીએ 2 જુલાઈ, 2019ના રોજ નવાયાર્ડ રોડ પર આવેલા ડી-માર્ટમાંથી હત્યા માટે છરી ખરીદી હતી. બીજા દિવસે દીપાબેન ઘરે એકલા હોવાની તકનો લાભ લઈ તેમના ન્યૂ સમા રોડ સ્થિત નિવાસસ્થાને ઘરમાં ઘૂસી અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. ત્યારબાદ બંને હાથ, પેટ, કુખ અને પગના ભાગે ચાકુના અસંખ્ય ઘા ઝીંકી તેમની નિર્મમ હત્યા કરી હતી. ગુનો આચર્યા બાદ આરોપી રસોડાની પાછળની ગેલેરીમાંથી પાઈપના સહારે નીચે ઉતરી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સમા પોલીસની તપાસ દરમિયાન આરોપી વિરુદ્ધ પૂરતા વૈજ્ઞાનિક અને સાક્ષી પુરાવા એકત્ર થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને હત્યાના ગુનામાં દોષિત ઠેરવી આજીવન સખત કેદ તથા રૂ.5 હજારના દંડની સજા ફટકારી હતી.

### નવા રૂટ પર ટ્રાફિકની સ્થિતિનું નિરીક્ષણ બાદ જાહેરનામું બહાર પડાશે

# એબેક્સ સર્કલના કામને પગલે એસટી બસોના રૂટમાં ફેરફાર, ગોલ્ડન ચોકડીથી બસ જશે

**ટ્રાફિક** જામ અને અકસ્માત ટાળવા તંત્રનો નિર્ણય - L&T સર્કલથી ગોલ્ડન બ્રિજ થઈને બસો દોડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરાના એબેક્સ સર્કલ અને નવીન ઓવરબ્રિજના ચાલી રહેલા કામને કારણે શહેરમાં એસટી બસોના રૂટમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસ દ્વારા અગાઉ જાહેર કરાયેલા વૈકલ્પિક રૂટમાં સ્થાનિકોની રજૂઆતો બાદ સુધારો કરવામાં આવ્યો છે. ટ્રાફિક શાખા-પૂર્વના નાયબ પોલીસ કમિશનર તેજલ પટેલના આદેશથી જીએસઆરટીસીને નવા રૂટ મુજબ બસો દોડાવવા લેખિત સૂચના આપવામાં આવી છે. નવા રૂટનું એક મહિના સુધી નિરીક્ષણ કર્યા બાદ અંતિમ જાહેરનામું બહાર પાડવામાં આવશે.

અગાઉ દુમાડ બ્રિજ તરફથી આવતી બસો દેશા બ્રિજ નીચેથી મોટનાથ મહાદેવ રોડ, ડમરુ સર્કલ અને ગદા સર્કલ થઈ હરણીના જૂના જકાતનાકા તરફ શહેરમાં પ્રવેશ કરતી હતી. જ્યારે અમિતનગર બ્રિજ તરફથી આવતી બસો ઉર્મિ બ્રિજ, મેટ્રો હોસ્પિટલ રોડ અને ગદા સર્કલ થઈ દેણા બ્રિજ તરફ જતી હતી. જોકે, દેશા કેનાલ રોડ સાંકડો હોવાથી તેમજ માર્ગ પર શાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, મંદિરો, પાર્ટી પ્લોટ અને રહેણાંક સોસાયટીઓ આવેલી હોવાથી ટ્રાફિકજામ અને અકસ્માતની સ્થિતિ સર્જાતી હોવાની રજૂઆતો થઈ હતી.

આ રજૂઆતોને ધ્યાને લઈ હવે એસટી બસો એલએન્ડટી સર્કલથી અમિતનગર બ્રિજ નીચે ડાબી બાજુ વળી ઉર્મિ બ્રિજ ત્રણ રસ્તા, મેટ્રો હોસ્પિટલ રોડ, મોતીભાઈ પટેલ સર્કલ, ગદા સર્કલ, હરણી મુક્તિધામ ત્રણ રસ્તા થઈ ગોલ્ડન ચોકડી તરફ જશે. પરત ફરતી બસો પણ આ જ રૂટનો ઉપયોગ કરશે. નવા રૂટ મુજબ હવે બસો ડમરુ સર્કલ, મોટનાથ મહાદેવ રોડ અને દેણા બ્રિજ તરફથી પસાર થશે નહીં.

નાયબ પોલીસ કમિશનર તેજલ પટેલે જણાવ્યું હતું કે નવા રૂટ પર એક મહિના સુધી ટ્રાફિકની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવશે. જો નવા માર્ગ પર ટ્રાફિકનું ભારણ નિયંત્રિત રહેશે તો ત્યારબાદ આ રૂટને કાયમી બનાવવા માટે સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે.